શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૮ ● સળંગ અંક : ૬૦ ● તા. ૦૩ ઓગસ્ટ થી ૦૯ ઓગસ્ટ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## જ્ઞાતિનું ગૌરવ!

**આ સફળ સંકલ્પનાના સફળ સુત્રધારની ટીમ જેમની મહેનત અને સાધના તપથી આ સિદ્ધિ સાકારિત થઈ અને એચ.ડી.ગ્રુપનું નામ ગગન ગામી થયું**


હરીશ ધરમશી


નરેન્દ્ર ધરમશી


હિરેન ધરમશી


અનિક ધરમશી


સુશીલ શાહ


મિહીર


પરીકા



**જ્ઞાતિ ઉદ્યોગપતિઓ દ્વારા નિર્મિત મહત્વપૂર્ણ ઈક્વીપમેન્ટ્સનો ઈસરો દ્વારા ચંદ્રયાન-૨ના લોન્ચિંગમાં ઉપયોગ!**

જિંદગી સે બડી સજા હી નહીં
ઔર ક્યા જુર્મ હૈ પતા હી નહીં
ઈતને હિસ્સે મેં બટ ગયા હું મૈં,
મેરે હિસ્સે મેં કુછ બચાહી નહીં.
જિંદગી મૌત તેરી મંઝિલ હૈ,
દુસરા કોઈ રાસ્તા હી નહીં,
જિસ કે કારણ ફસાદ હોતે હૈ,
ઉસકા કોઈ અતા પતા હી નહીં,
જિંદગી અબ બતા કહાં જાયે?
ઝેર બાઝાર મેં મિલા હી નહીં.
સચ ઘટે યા બઢે, તો સચ નહીં
જુઠ કી કોઈ ઉન્તેહા હી નહીં.
ધન કે હાથો બિકે હૈ સબ કાનૂન
અબ કિસી જુર્મ કી સજા હી નહીં
ચાહે સોને કે, ફ્રેમમેં જડ દો,
આઈના કભી ઝૂઠ બોલતા હી નહીં,
અપની રચનાએ મેં વો જિંદા હૈ,
નૂર સંસાર સે ગયા હી નહીં.

– અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જિંદગી એક અધરી જીવન યાત્રા

જિંદગીને એર સફર યાત્રા કે પ્રવાસ સમજીએ તો સતત ચાલતા રહેવાની આ પ્રક્રિયા છે. યાત્રાનો રોમાંચ છે. તો સગવડ અગવડથી ખેડાતો પ્રવાસ છે. આસાન રસ્તા, કપરી પરિસ્થિતિ અને અગણિત મુસીબતોની આ સફર ક્યારે આપણામાં આત્મવિશ્વાસ ભરી દે છે તો, ક્યારેક સંપૂર્ણ હતોત્સાહ કરી આપણને ભાંગી નાંખે છે. એક ખુશ નસીબ પળ આવવાથી આપણી અંદર એક નવી ઊર્જા ઉત્પન્ન થઈ જાય છે. જે આગળ તરફ વધવાનું ઈંધણ પૂરૂ પાડે છે.

જીંદગીને બહેતર બનાવવી કે બદતર તે આપણા હાથમાં છે. જિંદગીમાં જીવન યાત્રા દરમ્યાન જે કંઈ પણ થતું હોય, સારૂ કે નરસું એના જવાબદાર આપણે હોઈએ છીએ. પણ આપણાથી એનો સ્વીકાર થતો નથી અને તેના દોષ બીજા પર ઢોળી દઈએ છીએ. સફરમાં જોડાતા સાથીઓ, કે અધ વચ્ચે સંપર્કમાં આવતા પ્રવાસીઓ મનમેળ થાય આત્મીયતા કેળવાય એ આપણા સ્વભાવની સરળતા છે. સંબંધો સાચવવાની આપણી કુશળતા દર્શાવે છે. પણ જો તેની સાથે મતભેદ થ ાય, વિચાર ભેદથી કુમેળ સર્જાય તેનો સાથ તેનો સહવાસ તે આપણી સામે હોય તો પણ આપણને ખટકે તો એ આપણી નિષ્ફળતા છે. આપણી સંબંધો સાચવવાની નાકામિયાબિ છે. સંબંધો સાચવવા અને એનું સંવર્ધન થાય, એનું જતન થાય એવી સતત કાળજી રાખીએ. માહોલ જાળવી રાખીએ એ આપણો ધર્મ, સ્વભાવ હોવો જોઈએ. સામેવાળા તરફ આપણે કેવી કાળજી ધરાવીએ છીએ. આનાથી આપણી કાળજી સંબંધ પ્રત્યેની આપણી ફિકર સામે આવે છે.

જિંદગી એક કસોટી છે. પરીક્ષા છે. પરખ છે. એને બેસ્ટ બનાવવા, એને સરળ કે આસાન બનાવાની જવાબદારી નિભાવવી આપણી ફરજ છે. આ ફરજ આપણે સફળતાથી બજાવીએ તો જે ખુશી અને સંતોષ મળશે. એ અમાપ હશે અવર્ણનીય હશે. કારણકે ત્યારે જ આપણી આંતરીક શક્તિનો શું ગજું છે. તેનું માપ આપણને મળશે. કુદરતે બધાને સમજ અને શક્તિ ભરપૂર આપ્યા છે. માત્ર એને સારી રીતે, યોગ્ય સ્થળે અકસીર પણે આપણે વાપરીએ તો જિંદગીની સફળતા હાથવેંતમાં પામીએ શકીએ છીએ.

લક્ષ્ય બનાવીને આપણે રસ્તે ચાલીએ, ભલે એકલા હોઈએ. લોકો સાથે આવે કે ન આવે કોઈનો સાથ મળે કે ન મળે. લક્ષ્યને સાધવાની આપણે લડાઈ ભલે એકલાં લડીએ. આનાથી ભવિષ્યનું ઘડતર થશે અને ઉપર ચડવાનું એક ઓર પગથિયું બનશે.

જિંદગીની દોડમાં આપણે પડશું ભાંગશું કે ઘવાઈ શું  પણ ઝઝૂમવાની તાકાત કેળવીશું તો ફિનિક્સ પક્ષીની જેમ ઊભા થઈ ફરી સામનો કરવા સજ્જ થઈ શકીશું. 'યા હોમ કરીને પડો ફતેહ છે. આગે' એવા નિર્ધાર એવો સંકલ્પ મંત્ર આપણી તાકાત બની રહે છે. જિંદગીની યાત્રા અધરી છે. વિકટ છે એ ખરું પણ, એને આસાન બનાવવી આપણા હાથમાં છે. અધરી જીવન યાત્રાને સરળ સપાટ બનાવી શકીએ એ આપણી સફળતા છે. સિદ્ધિ છે. જે આપણે પામીએ.

- જય જ્ઞાતિમૈયા

## જ્ઞાતિનું ગૌરવ!

# જ્ઞાતિ ઉદ્યોગપતિઓ દ્વારા નિર્મિત મહત્વપૂર્ણ ઈક્વીપમેન્ટ્સનો ઈસરો દ્વારા ચંદ્રયાન-૨ના લોન્ચિંગમાં ઉપયોગ!




જ્ઞાતિજનો એ જાણીને આશ્ચર્ય સાથે આનંદ અને ગૌરવ અનુભવશે કે હાલમાં ચંદ્ર તરફ ગતિ કરી રહેલા ભારતના પ્રતિષ્ઠિત ચંદ્રયાન-૨ ના લોન્ચિંગમાં મુલુંડવાસી કેડીઓ જ્ઞાતિના ઉદ્યોગપતિઓ દ્વારા વિકસિત અને નિર્મિત સ્પેર પાર્ટ્સ વપરાયા છે. અવકાશવિજ્ઞાન ક્ષેત્રે ભારતને ઊંચું સ્થાન અપાવનાર આ ગૌરવપ્રદ પ્રોજેક્ટમાં મૂળ કચ્છ-સુથરીના અને હાલ મુલુંડ વસતા ઉદ્યોગપતિ બંધુઓ નરેન્દ્ર અને હરીશ ધરમશીની કંપની એચ.ડી. ફાયર પ્રોટેક્ટ પ્રા.લિ. દ્વારા સંશોધિત, વિકસિત અને ઉત્પાદિત સ્પેરપાર્ટ એચ. ડી.-વર્ષા માસ્ટર સ્ટ્રીમ નોઝલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સોમવાર તા. ૨૨મી જુલાઈએ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો) દ્વારા શ્રીહરિકોટા સ્થિત સતીષ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી જીએસએલવી એમકે-૩ રોકેટ લોંચ પેડ સિસ્ટમ વડે ચંદ્રયાન-૨ને ચંદ્ર તરફ ગતિમાન કરવામાં આવ્યું ત્યારે એ રોકેટ લોંચ પેડ સિસ્ટમની અતિ મહત્વની એકાઉસ્ટિક સાઉન્ડ સપ્રેસન એપ્લિકેશનમાં એચ.ડી.-વર્ષા માસ્ટર સ્ટ્રીમ નોઝલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચન્દ્રયાનને અવકાશ તરફ લઇ જતું જીએસએલવી એમકે-૩ રોકેટ જયારે તેના લોન્ચિંગ પેડ પરથી ઉંચકાય ત્યારે પ્લેટફોર્મ પરથી પ્રતિબિંબિત થતા અવાજની પ્રચંડ ઊર્જાથી ઓર્બિટર અને તેના ચંદ્રયાન સહિતના પેલોડ્સને નુકસાનથી રક્ષણ આપવા માટે પેડ અને મોબાઇલ લોંચર પ્લેટફોર્મ પર આ ધ્વનિ સપ્રેસન સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવી હતી. નરેન્દ્રભાઈ અને હરીશભાઈની કંપની દ્વારા એચ.ડી.-વર્ષા માસ્ટર સ્ટ્રીમ નોઝલ્સ ખાસ આ અનન્ય સાઉન્ડ સપ્રેસન સીસ્ટમ માટે વોટર ક્વેન્ચિન્ગ પધ્ધતિથી વિકસિત કરવામાં આવી હતી. આ નોઝલ્સનું ઈસરો દ્વારા કંપનીના જલગાંવસ્થિત પ્લાન્ટમાં ગહન પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તે વોટર જેટ્સ(પાણીના ફુવારા) બધી બાજુથી લોન્ચ પેડ ઉપર નિશ્ચિત જગ્યાઓએ છોડી શકાશે એની ખાતરી થયા બાદ તેમની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટને

## જ્ઞાતિનું ગૌરવ!

# જ્ઞાતિ ઉદ્યોગપતિઓ દ્વારા નિર્મિત મહત્વપૂર્ણ ઈક્વીપમેન્ટ્સનો ઈસરો દ્વારા ચંદ્રયાન-૨ના લોન્ચિંગમાં ઉપયોગ!

સફળ બનાવવા માટે સુશીલકુમાર લક્ષ્મીચંદ શાહ, મિહિર ગોટીકર, પરિકા ગોટીકર, અનિક ધરમશી તેમજ હીરેન ધરમશીનો વિશેષ સાથ સહકાર મળ્યો હતો.

આ અપ્રતિમ ઉપલબ્ધિથી આનંદિત નરેન્દ્રભાઈ અને હરીશભાઈ ની બંધુબેલડીએ આવા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટમાં તેમના ઉત્પાદનની પસંદગી કરવા બદલ ઈસરોના વૈજ્ઞાનિકોનો આભાર માન્યો હતો.

એચ.ડી.ફાયર પ્રોટેક્ટ પ્રા.લિ. એ વર્લ્ડ-ક્લાસ પાણી અને ફોમ(ફીણ) આધારિત અગ્નિશમનના સાધનો અને સીસ્ટમનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની છે. છેલ્લા ૨૫ વર્ષથી વિશ્વભરમાં હજારો 'એચ.ડી. ઉત્પાદનો' સ્વીકારાયા છે, પરીક્ષણ પામ્યા છે અને સફળતાપૂર્વક કાર્યરત છે. તેમને આજ સુધી અનેક એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે જેમાં એન.ડી. ટી.વી. દ્વારા ઈમર્જીંગ એસ.એમ.ઈ. ઓફ ધ ઈયર, ઈ.ઈ.પી. સી. એક્સપોર્ટ એક્સેલેન્સ એવોર્ડ-૨૦૧૭, એન્જીનીઅરીંગ અને મશીનરી ક્ષેત્રમાં મીડ-કોર્પોરેટ સેગમેન્ટનો ડી.એન. બી. બીઝનેસ એક્સેલેન્સએવોર્ડ-૨૦૧૬, એસોચેમ એસ.એમ.ઈ. ઓફ ધ ઈયર-૨૦૧૬, એસ.એમ.ઈ. ચેમ્બર ઓફ કોમર્સનો એક્સપોર્ટ એક્સેલેન્સ એવોર્ડ-૨૦૧૬નો સમાવેશ થાય છે.



હવે જ્યારે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભારતનું સ્વનિર્મિત ચંદ્રયાન-૨ અત્યાર સુધી જ્યાં કોઈએ ઉતરાણ નથી કર્યું એવા ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર ઉતરાણ કરશે ત્યારે એ સિદ્ધિમાં આપણી વચ્ચે મુલુંડમાં વસતી જ્ઞાતિની ગૌરવશીલ બંધુબેલડીનું મહત્વનું યોગદાન છે એ હકીકતથી પ્રત્યેક જ્ઞાતિજનની છાતી ગજ ગજ ફૂલી જશે.

# સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ કચ્છના વિવિધ મહાજનો સાથે મિટીંગ કરશે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનના ટ્રસ્ટીઓ ગાંધીધામમાં તા.૧૮ ઓગસ્ટ રવિવારના બપોરે ૪ થી ૬ કલાકે કચ્છ એકમના સહયોગથી કચ્છના વિવિધ મહાજનો, ભુજ, ગાંધીધામ, અબડાસા મહાજનો સાથે સંયુક્ત મિટીંગ કરશે. જેમાં વિવિધ વિષયો બાબતે ચર્ચા વિચારણા કરશે. મિટીંગ સ્થળ ગાંધીધામ મહાજન દ્વારા નક્કી કરાશે. મિટીંગ આયોજન વ્યવસ્થા ગાંધીધામ મહાજન દ્વારા થશે.

# વર્ધમાનનગર મધ્યે સ્વાધ્યાય કેન્દ્ર ખુલ્લુ મુકાયું

સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની શુભ પ્રેરણાથી વર્ધમાનનગર મધ્યે ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પુ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. તથા પ.પુ.સા.શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં જૈન સમાજરત્ન અને પુર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાએ દીપ પ્રાગટ્ય કરી સ્વાધ્યાય કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વર્ધમાનનગરના સરપંચ શ્રીમતી જ્યોતિબેન વિકમશી, પંચાયત સભ્યો દિપક લાલન, શિલ્પાબેન મહેતા તથા ચિંતલભાઈ વોરા, રાજેન્દ્રસિંહ ભાટી ઉપસ્થિત રહ્યા હતા.

પ.પુ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. એ સ્વાધ્યાય કેન્દ્રના મહિમાની વિસ્તૃતમાં માહિતી આપી તેનો મહિમા સમજાવ્યો હતો. દર રવિવારે ચાલનારા આ સ્વાધ્યાય કેન્દ્રમાં જૈન ધર્મના અષ્ટોતરી, નવસ્મરણ, બે સજાયનું પઠન કરાવી તેનો અર્થ અને સાર સમજાવવામાં આવશે.



આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા તારાચંદભાઈ છેડાએ જણાવ્યં હતું કે, ખેડુત ચોમાસાની સીઝનમાં એક કણ વાવી અને હજારો કણનું ઉત્પાદન કરે છે. તેમ ચાતુર્માસના ચાર મહિના દરમ્યાન ગુરૂ ભગવંતો તમને ચેતવશે અને ચેતી જવામાં સાર છે. ચાતુર્માસના ચાર મહિના દરમ્યાન ધર્મ આરાધનાઓ કરી જીવનને ધન્ય બનાવવા જણાવ્યું હતું. આપણા ગુરૂ ભગવંતોના કારણે આપણે સુખી સંપન્ન છીએ. સ્વાધ્યાય કેન્દ્રને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંઘ દ્વારા તારાચંદભાઈ છેડાનું શાલ, માળા, ઓઢાળીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં કિરીટ શાહ, આશિષ શાહ, હિરાચંદ છેડા, હરીશ લોડાયા, અરવિંદ શાહ, ગૌતમ શાહ, પારસ શાહ, દિલીપ મોતા તથા કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

# સાંધવ નગરે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના ઓચ્છવ







પર્યુષણ પર્વ હવે ઢૂંકડો છે. તા.૨૬ ઓગસ્ટથી તા.૫ સપ્ટેમ્બર સુધી પર્યુષણ પર્વની આરાધના કરવાનો અવસર સાંધવ નગર શાંતિનાથ દાદાના દરબારમાં ૨૭-૨૭ વરસીતપ આરાધક પ.પૂ.તપસ્વી મુનિ રાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સાની શુભ ચાતુર્માસિક નિશ્રામાં પર્યુષણ મહાપર્વ ઉજવવાનો લાભ સાંધવવાસીઓ નિયાણી બહેનો આરાધકો જરૂર લેવા પધારશો.

અનુષ્ઠાન તથા પ્રતિક્રમણ કરાવવા માટે જીતેન્દ્રભાઈ ચંદ્રકાંત ગોસર (ડુમરા) તથા અનિલભાઈ ભવાનજી દેઢિયા (ડુમરા) પધારશે. પર્યુષણ પર્વ દરમ્યાનના સંપૂર્ણ સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી (બાબુકાકા) મેઘજી લોડાયા પરિવારએ લીધો છે.

# વર્ધમાનનગરે મહાકાળી માતાજીની ભાવનામાં ભાવિકો ઉમટી પડ્યા



પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં જૈનોના વર્ધમાનનગર મધ્યે માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર, જયાબેન પ્રબોધ મુનવર પરિવાર દ્વારા અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના વર્ધમાનનગરના અચલગચ્છ જૈન ઉપાશ્રયે યોજાઈ હતી. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો હોંશભેર ચામરનૃત્ય, રાસ-ગરબાની રમઝટ મચાવી હતી. સંગીતકાર પ્રવિણ ગોર એન્ડ પાર્ટીએ સંગીતરસ પીરસ્યો હતો. વ્યવસ્થામાં સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહયોગ આપ્યો હતો.




# વસઈ અચલગચ્છ સંઘે ગુરૂદેવ સર્વોદય સાગરજી મ.સા.ના દ્વિતીય પુણ્ય સ્મરણ કાર્યક્રમનું આયોજન કર્યું




વસઈ અચલગચ્છ જૈન સંઘમાં તા ૨૮ જુલાઈ રવિવાર રોજે મેવાડ દિવાકર જ્યોતિષાચાર્ય ગુરૂદેવ સર્વોદયસાગરજી મ.સા.ના દ્વિતીય પુણ્ય સ્મરણ પ્રસંગે કાર્યક્રમનું આયોજન સ્વામિનારાયણ સંકુલ સ્થિત માનવ મંદિરમાં આધ્યાત્મ યોગી ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા., યુવા મુનિ ગુણવલ્લભ સાગરજી મ.સા. તેમજ નાલાસોપારાથી પધારેલ યુવા મુનિ દેવરક્ષિતસાગરજી મ.સા. અને આસપાસના પરિસર વિસ્તારમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન વિશાળ શ્રમણ શ્રમણી ભગવંતોની પ્રમુખ અને વિશેષ ઉપસ્થિત અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની ભવ્ય હાજરીમાં તથા ચતુર્વિધ સંઘના શ્રાવક શ્રાવિકાઓની વિશાળ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.



# અમદાવાદમાં 'મહાજન આપને આંગણે'ની નવતર શરૂઆત

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદએ તા.૨૮ જુલાઈ રવિવારથી એક નવતર પહેલનો પ્રારંભ કર્યો છે. સવારે ૧૧ કલાકે અમદાવાદ મહાજનના પદાધિકારીઓ નવનીત આવાસ, બહેરામપુરામાં વસતા ૨૦ જેટલા કેડીઓ જ્ઞાતિના પરિવારોની રૂબરૂ મુલાકાત લીધી અને તેઓની સાથે વિવિધ પ્રશ્નો વિષે તેમની ઈચ્છા અપેક્ષાઓ વિષે વિગતવાર જાણકારી મેળવી વિશદપણે ચર્ચા વિચારણા કરી હતી. ઉપસ્થિત સૌ જ્ઞાતિ પરિવારોને સમસ્ત મહાજનની સંજીવની સ્કીમ અને ગ્લોબલ કાર્ડના ફાયદાઓ વિશે તેમને વિસ્તૃત જાણકારી આપવામાં આવી અને આ યોજનામાં તેઓ મેમ્બર તરીકે વહેલી તકે જોડાય એ માટે આગ્રહ ભર્યો પ્રયાસ કરાયો. જ્ઞાતિજનોના પ્રશ્નો તેમની તકલીફો વિશે મોકળા મને ચર્ચા કરવામાં આવી. અમદાવાદ મહાજનમાં તન, મન અને ધનથી જોડાવવા વિનંતી કરવામાં આવેલ. જ્ઞાતિ મહાજનના સમન્વય સાથે રહી ઉજ્જવળ ભવિષ્ય સર્જી શકાશે એવો આશાવાદ આપ્યો હતો. નવનીત ભવનના કેડીઓ જ્ઞાતિજનો મહાજન મોવડીઓને સુંદર આદરપૂર્વક આવકાર આપેલ. જેનાથી સૌ પ્રભાવિત થયા હતા તેઓ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. મહાજન આપને આંગણે અમદાવાદ જ્ઞાતિ મહાજનની નવતર પહેલમાં મહાજન પ્રમુખ નલિનભાઈ મોમાયા, મંત્રી રાજેશ ધરમશી, સહમંત્રી કેતન લોડાયા, ખજાનચી નિરંજનભાઈ મૈશેરી, મહાજન આપના આંગણેના પ્રણેતા એવા મહાજનશ્રીના કારોબારી સભ્ય જીતેન્દ્રભાઈ ખોના, દિનેશભાઈ મૈશેરી, દેવેશ દંડ, નવયુગ યુથ ફોરમના સક્રિય કાર્યકર્તા જયદીપ મૈશેરી અને સચિન લોડાયા હાજર રહ્યા હતા.



આગામી મહાજન આપને આંગણેની કાર્ય બેઠક મણિનગર વિસ્તારમાં નરેન્દ્રભાઈ લોડાયાના નિવાસ સ્થાને યોજાશે.



# અમદાવાદ સંઘમા શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પુષ્પ પૂજા કરાઈ

અમદાવાદ સંઘમાં તા.૨૮ જુલાઈ રવિવારના દિને પ.પૂ. સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ૧૦૮ પુષ્પો વડે ભવ્ય રીતે પુષ્પ પૂજા કરાઈ. ભક્તિ અને દિવ્યતા ભર્યા આ પૂજા કાર્યક્રમમાં સંઘના નાનેરા મોટા, ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી. સકળ સંઘના ધર્મમય ભાવના ધરાવતા શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર પૂષ્પ પૂજા આયોજનમાં જોડાઈ અનેરો લાભ પામ્યા હતા.



# મોટી ખાવડી ગામે વામાદેવ થાળનું અનુષ્ઠાન ભવ્યતાથી થયું



હાલાર પંથકના ધર્મ અને તપની અનોખી ભાવના ધરાવતા મોટી ખાવડી મુકામે પ.પૂ.સા.શ્રી મહોદયાશ્રી મ.સા. આદિઠાણાની ભવ્ય નિશ્રામાં વામાદેવીના થાળનું અનુષ્ઠાન તા.૨૮ જુલાઈ રવિવારના રોજે રાખવામાં આવેલ. સૌ ગામવાસીઓ ઉલ્હાસભેર અનુષ્ઠાન આયોજનમાં ઉમળકાભેર ભાગ લીધો હતો. શ્રમણીવૃંદની પાવન હાજરી અને સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના અનેરો ઉત્સાહથી થાળ અનુષ્ઠાન ભવ્યતાથી સૌના હૈયે યાદગીર રીતે વસી ગયા હતા.









# જ્ઞાતિની પાવર લિફ્ટર ઈરા મેહુલ મેપાણીએ રાજ્ય સ્તરે ગોલ્ડ મેડલ મેળવ્યો





જ્ઞાતિની સુપર ગર્લ અને કચ્છી ગુજરાતી સમાજની પ્રથમ પાવર લિફ્ટર ઈરા મેહુલ મેપાણીએ તા.૨૮ જુલાઈ રવિવારના મહારાષ્ટ્ર રાજ્ય સ્તરની સ્પર્ધામાં પાવર લિફ્ટીંગમાં સુવર્ણ પદક ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો.

તેઓ આગળની રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા હિમાચલ મધે તા.૭ થી ૧૨ ઓગસ્ટ દરમ્યાન થ વાની છે. એમાં ભાગ લેશે. સૌ જ્ઞાતિજનો વતીથી તેમને સફળતા માટે શુભકામના આપીએ છીએ.

સમસ્ત મહાજનની મીડિયા કમિટી દ્વારા કેડીઓ ટોક્સનો પાંચમો એપિસોડ તાજેતરમાં રિલીઝ થયો છે જે ઈરા મેહુલ મેપાણીનો છે. જેમાં ઈરાએ પોતાના જીવનની વાતો અને પોતાના શોખની, પેશનની અંતરંગ વાતો કહી છે જે સૌને જોવો રહ્યો.


ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977



Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com



VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# વસઈ દેરાસર ખાતે રંગોળી કળા પ્રદર્શિત કરાઈ

તા.૨૮ જુલાઈ રવિવારના વસઈ અચલગચ્છ જૈન દ્વારા મેવાડ દિવાકર જ્યોતિષાચાર્ય ગુરૂદેવ સર્વોદયસાગરજી મ.સા.ના દ્વિતીય પુનિતપાવન સ્મરણનું આયોજન શ્રમણ શ્રમણી ભગવંતો, સ્વામિનારાયણ પંથના પૂજનીય સંતોની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગને હૃદયસ્થ કરવા વસઈ દેરાસરમાં સંઘના ગુરૂભક્તો દ્વારા રંગારંગ રીતે રંગોળી કળા પ્રદર્શિત કરવામાં આવી હતી. વિવિધ રીતે અને ગુરૂદેવના સંગ, સ્નેહને સ્મૃત કરતા ઉદ્‌બોધન લખી તેમની યાદને તાજી કરી હતી. ગુરૂદેવ શ્રી ની જન્મભૂમિ મેરાઉ-કચ્છ ગુરૂદેવ શ્રીના કાલધર્મ ભૂમિ વડાલા, મુંબઈ. ગુરૂદેવની અગ્નિ સંસ્કાર ભૂમિ શિવાજી પાર્ક, દાદર, મુંબઈ વિગેરે લખાણ રંગોળીમાં અંકિત કરાયા હતા. વિવિધ રંગ-કળાપૂર્ણ રીતે રંગોળી પ્રદર્શન નિહાળઈ સૌ ખુશી અનુભવી કૃતિકારોની મહેનત લગનને મોકળા મને બિરદાવી હતી. ગુરૂભક્તિના અનોખા તરીકાથી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.









**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# આદિપુરનગરે નવકારમંત્ર પૂજન સહ અડસઠ તીર્થોની ભાવયાત્રા અનુષ્ઠાન થયું

તા.૨૮ જુલાઈ રવિવારના દિને કચ્છ આદિપુર નગરમાં પ.પૂ. આ.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની નિશ્રામાં નવકાર મંત્ર પૂજન સહ અડસઠ તીર્થોની ભાવયાત્રાનું અનુષ્ઠાન રાખવામાં આવેલ. આ પ્રસંગે સંઘના શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય હાજરી રહી હતી.











## ભૂલ સુધાર

જ્ઞાતિમૈયા **અંક ૫૯ તા.૨૭ જુલાઈ – ૨ ઓગસ્ટ ૨૦૧૯ના પાના નં.૧૫** ઉપર શ્રી સાંધાણ તીર્થના નવટૂંક જિનાલયના પુનઃપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન એ શીર્ષક અંતર્ગતના સમાચારમાં શરતચૂકથી આ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પ.પૂ.કમલપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના પુણ્ય પ્રભાવી નિશ્રામાં કરાશે એ રીતનો ઉલ્લેખ કરાયો છે જે હકીકતમાં **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.તપચક્રવર્તી સંઘ શિરછત્ર શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાની પુણ્ય પ્રભાવી નિશ્રામાં કરાશે.** આ પ્રમાણે હોવો જોઈએ.

# પાલાણી પરિવાર દ્વારા આયોજીત કોઠારા નિદાન કેમ્પનો ૮૦૦ દર્દીઓએ લાભ લીધો

અબડાસા તાલુકાના કોઠારા ગામે પાલાણી પરિવાર કોઠારા હાલે મુંબઈ દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ વ.ક.નાથા છાત્રાલય કોઠારા મધ્યે યોજાયો હતો. જેનો ૮૦૦ દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રારંભે પાલાણી પરિવારના નરશીભાઈ, હરીશભાઈ, કિરણભાી, હેમલતાબેન, ચંદ્રપ્રભાબેન, જયાબેન, ચારૂબેન, હરીશભાઈ, કલ્યાણજીભાઈ છેડા તથા સર્વે પરિવારજનોએ દિપ પ્રાગટ્ય કરી નિદાન કેમ્પને ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે કોઠારા ગામવાસીઓ દ્વારા પાલાણી પરિવારજનોનું કચ્છી પાઘડી, સાફો, સાલ તથા હારતોરાથી બહુમાન કરવામાં આવેલ. નિદાન કેમ્પમાં સેવાઓ આપનાર ભુજ-માંડવીના નિષ્ણાંત અને ખ્યાતનામ ડોક્ટરશ્રીઓનું પાલાણી પરિવાર દ્વારા સન્માન કરવામાં આવેલ. કેમ્પ સ્થળે દર્દીઓને ચા-નાસ્તો તથા નિઃશુલ્ક દવાઓ પાલાણી પરિવાર દ્વારા અપાઈ હતી. આંખનાં દર્દીઓને ચશ્મા પણ ફ્રી આપવામાં આવેલ.

ડૉ. દમયંતિબેન ગણાત્રા, ડૉ. સત્યમ ગણાત્રા, ડૉ. મિરલ ઠક્કર, ડૉ. નિધિબેન ઠક્કર, ડૉ. મેહુલ સેવક, ડૉ. રૂપેશ ગોર, ડૉ. ચિંતન સોની, ડૉ. ચાંદનીબેન સોની, ડૉ. જીતેન્દ્ર પરીખ, ડૉ. અજમેરા, ડૉ. ડી.એસ.જાડેજા તથા નાડી વૈદ્ય ડૉ. હાજી સાલેમામદભાઈ જતે પોતાની સેવાઓ આપી હતી. માંડવીના જયસુખભાઈ ગણાત્રા દ્વારા આયુર્વેદિક દવાઓ ફ્રી અપાઈ હતી.

આયુર્વેદ શાખા જિલ્લા પંચાયતના ડૉ. પરેશ સચદેવ, ડૉ. જિજ્ઞેશ ઠક્કર તથા હોમિયોપેથી ડૉ. પ્રતિક્ષાબેન પવારે આ કેમ્પમાં સેવાઓ આપી હતી અને દર્દીઓને જિલ્લા પંચાયત આયુર્વેદિક શાખા દ્વારા દવાઓ નિઃશુલ્ક અપાઈ હતી.

વ્યવસ્થામાં પ્રભાતસિંહ જાડેજા, રમેશ ઠક્કર, પ્રબોધ મુનવર, ભરતસિંહ જાડેજા, કેશુભા જાડેજા, રમેશ પટેલ, ભવાનજીભાઈ ઠક્કર, દામજી ચૌહાણ, ગજેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન શાહ તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સેવાઓ આપી હતી.




# ‘સંજીવની પેટર્ન સ્કીમ’ ને મળી રહ્યો છે સારો પ્રતિસાદ

શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજનની મેડિકલ સમિતિની ‘સંજીવની’ની જુલાઈમાં જાહેર થયેલ યોજનામાં ‘સંજીવની પેટર્ન સ્કીમ’ જાહેર થતા તેને સારો પ્રતિસાદ મળવાની શરૂઆત થઈ છે. આ સ્કીમમાં પ્રથમ પેટર્ન નોંધાયા છે. જેને અભિનંદન. સૌ સખી જ્ઞાતિજનોનો સહકાર ઈચ્છીએ છીએ. આપનો અગ્રિમ પ્રતિસાદ અમને જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને સમયસર મદદ કરવામાં સહાયરૂપ થશે. આ સંજીવની પેટર્ન સ્કીમમાં જોડાવવા રમેશ મોતા – ૯૮૧૯૬૫૫૨૫૯ અને ભરત મૈશરી – ૯૮૨૦૦૫૮૦૪૮

**ડાયમન્ડ પેટર્ન નરેન્દ્ર શામજી દંડ**




**સિલ્વર પેટર્ન અરૂણા અને ગિરીશ ટોકરશી ધરમશી**





**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9322257731**

Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS ‘N’ TOURS

“ The One Stop Travel Shop, Right Where You Need It ”

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
+91-93240 58413
www.olympiatourism.in

IATA Accredited Agent

# ગોરેગાંવ સંઘમાં અઢાર અભિષેક કાર્યક્રમ ભવ્યતાથી યોજાયો





શ્રી ગોરેગાંવ સંઘમાં પ.પૂ.સા.શ્રી હિતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી નિર્મિતગુણાશ્રીજી મ.સા.ની શીતળ અને પાવનકારી નિશ્રામાં શ્રી સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની સાતમી સાલગિરાહ નિમિત્તે તા. ૨ જુલાઈ શુક્રવારના રોજે અઢાર અભિષેક કાર્યક્રમ સુંદર અને સોહામણી રીતે સંપન્ન થયો. સકળ સંઘના, શ્રાવક-શ્રાવિકાઓની ઉત્સાહ ભેરની બહોળી ઉપસ્થિતિથી કાર્યક્રમને ભવ્યતા મળી હતી. ધર્મ ભક્તિ અને ઉત્સાહ ઉમંગનો હરખ સૌના ઉરને ભીંજવ્યો હતો.








# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● દિલ્હી ખાતે યોજાયેલ ફેશન શોમાં કચ્છી રોગાન કલાથી સજાવેલા પોશાકમાં સજ્જ યુવકોએ રેમ્પ પર વોક કરીને આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. દિલ્હીની સંસ્થા જે.ડી. ઈન્સ્ટિયુટ દ્વારા યોજાયેલા બે દિવસીય ફેશનશોમાં ૮૦૦ ડિઝાઈન સાથેના ડ્રેસ સામેલ કરવામાં આવ્યા. જેમાં દુનિયાના દેશોમાં જાણીતી રોગાન કલાના પદમશ્રી એવોર્ડ વિજેતાના કુશળ કૃતિઓથી કંડારેલા વસ્રો આકર્ષણ જગાવ્યું હતું. ફેશન શોના આખરે નિર્ણાયકો દ્વારા પસંદ કરવામાં આવેલ ડ્રેસમાં રોગાન રંગોથી રંગાયેલા પોશાકની છ કૃતિઓને બેસ્ટ કલેક્શન તરીકે કરવામાં આવી હતી. રોગાન કલાના કસબી મહમંદ જબ્બાર ખત્રીને એવોર્ડ પણ અપાયો હતો.

● માંડવી તાલુકાના મોટી ઉનડોઠના હીરાલાલભાઈએ અઢીવર્ષમાં એક સો સાપ પકડવાનો જીવદયા રેકોર્ડ કરી લોકોને સંર્પદંશથી પણ બચાવ્યા છે. જેમાં ૬૦ નાગ નાગણી ૪૦ જેટલા શંખચૂડ લાંઢરિયો, પાણોડીયો, ત્રક બમોઈ તથા ફુરસાનો છે. ૭૬ વર્ષના હીરાલાલભાઈએ સાડા છ ફૂટનો નાગ પકડી વહેતા પાણીના ભાગે મૂકી જીવદયાનું ઉમદા કાર્ય પંથકમાં કરી રહ્યાં છે. રાત્રે બે વાગ્યે પણ જીવદયા માટે લાકડાના સાણસાથી સાપને પકડીને પાણીના વોકળામાં છોડી આવે છે.

● લોકસભા સત્રમાં ઝીરો અવર્સ દરમ્યાન કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ કચ્છના પાણીના કાયમી ઉકેલ અને દુષ્કાળને દેશવટો આપવા સંર્દભે સૂચન કરતા હાલે કચ્છ માત્રને માત્ર નર્મદા નદીના જળ આધારિત છે. કચ્છમાં મોટી નદીઓ નથી. જ્યારે ગુજરાતમાં રાજસ્થાન પાલી જિલ્લાની લૂણી નદીનું પાણી સાંચોર થઈ કચ્છના મોટા રણમાં નકામું વહી જાય છે અને આબુથી બનાસ નદી ગુજરાતના પાલનપુર રાધનપુર થઈ કચ્છના રણમાં સમાઈ જાય છે. જે માટે કચ્છના રણમાં મોટો બંધ સરોવર બનાવી આ નદીઓના પાણી સંગ્રહ થાય તો કચ્છના માનવ જીવન, પશુધન અને સિંચાઈ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે.

● બન્નીના અને તેમાંય ખાસ કરીને દેશ દુનિયાને ઘેલું લગાડી ચુકેલા ધોરડોના સફેદ રણના વિકાસમાં મુખ્ય ફાળો હોય તો એ છે દાદા ગુલબેગનો. ધોરડોના આસપાસના ૪૦ ગામોમાં દાદાગુલબેગનું નામ લોકોમાં જાણીતું છે. બન્નીની હસ્ત કલા સંસ્કૃતિ અને રણનું સૌદર્ય આખી દુનિયામાં પ્રખ્યાત થાય એવા તેમના આજીવન પ્રયત્ન કર્યા હતા. ધોરડો જૂથ પંચાયતના સમસ્ત સરપંચ તરીકે ૩૦ વર્ષ સુધી સેવા આપી તથા ત્રણ વર્ષ સુધી બન્નીના ૪૦ ગામના ઓનરેરી મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપી તથા રાજ્યના ગૌ સંવર્ધનના સભ્ય તરીકે રહ્યાં હતા.

● વોટસ એપ અને ફેસબુકના યુગમાં નાના મોટા સૌ કોઈ મોબાઈલમાં જ વ્યસ્ત રહે છે. અને નાનપણની જે ખરેખર મજા મેળવવાની હોય તેનાથી આજના બાળકો વંચિત રહે છે. આ પરિસ્થિતિને બદલાવ લાવવાના હેતુથી રોટરી ક્લબ ગાંધીધામની યુવા પાંખ રોટરેક્ટ કલબ દ્વારા ચોથી વખત રોટા સ્ટ્રીટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ચાર કલાક સુધી યોજાયેલાં આ ફેસ્ટિવલ અંતર્ગત ઝંડાચોક વિવિધ રમતો ના આયોજનથી ધમધમી ઊઠ્યો હતો. નાના મોટા વયના લોકોને ધ્યાનમાં રાખીને રમતોનું આયોજન કરાયું હતું. ઝુમ્બા ડાન્સ, ગલી ક્રિકેટ, બેડમિન્ટન, ફૂટબોલ, સતોલિયા, લુડો, સાપસીડી, સ્કેટિંગનું આયોજનથી આ તમામ રમતો ગાંધીધામના માર્ગ પર જોવા મળી હતી.

● કચ્છથી અમદાવાદ ઉચ્ચ અભ્યાસ માટે આવતી ચોવીસની કન્યાઓ માટે સુરક્ષિત સુવિધાનો અભાવ હતો અને અંદાજે ૩૦૦ થી દીકરીઓને ના પાડવી પડે તેમ હતી અને ભણવા માગતી કન્યાઓના ઉજ્જવળ શિક્ષણ ભવિષ્ય માટે પશ્નાર્થ મૂકાય તેમ હતો. તેવા સંજોગોમાં ૩૦૦ દીકરીના પાલક પિતાની ભૂમિકા કચ્છ ફોટડીના મોમ્બાસા સ્થિત ઉદ્યોગપતિ હસમુખભાઈ કાનજી ભુડિયાએ ૨૩ કરોડનું દાન આપ્યું હતું. વેલીબેન કાનજી ભુડિયા કન્યા કુમાર સેવા સદન નામકરણ સાથેનું અધતન છાત્રાલય અમદાવાદ મધે ખૂલ્લૂં મૂકાયુંને ચોવીસીના લેઉઆ પટેલોએ શિક્ષણક્ષેત્રે વધુ એક સીમાચિહ્ન સર કર્યુ હતું.

# જીવન ઘટમાળ

## ● જન્મ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૭-૨૦૧૯ | દુબઈ | પરી. રિદ્ધિ કુમાર ચંદ્રકાંત લોડાયા | કોઠારા | કન્યા |

## ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | કેવલ કીર્તિ ખીમજી ધરમશી | સેવક ભરૂડિયા | ૨૪ |
| | ડોંબિવલી | હિલોની હિંમતલાલા જેઠાલાલ લાપસિયા | રંગપુર | ૨૨ |
| ૦૧-૦૮-૨૦૧૯ | કોઈમ્બતુર | કરણ શરદ કાનજી લોડાયા | નાની ખાવડી | ૨૫ |
| | ઔરંગાબાદ | પ્રાચી ધીરેન કરમશી ડાઘા | દલતુંગી | ૨૫ |
| ૦૨-૦૮-૨૦૧૯ | ખામગામ | ઉમેદ રાજેશ સોમચંદ દંડ | તેરા | ૨૯ |
| | મુલુંડ | પ્રિયંકા દિનેશ લાલજી લોડાયા (અજાણી) | કોઠારા | ૨૯ |

## ● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૭-૨૦૧૯ | ઘાટકોપર | ડૉ. દીપ જીતેન્દ્ર હીરાચંદ મૈશેરી | લાલા | ૩૨ |
| | નેપાલ | ડૉ. સનમ સોમરાજ હરિનારાયણ પોડયાલ | નેપાલ | ૨૬ |

## ● જ્ઞાતિ સગપણ છૂટા ●

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | દિપેશ લહેરચંદ વિસનજી છેડા | સુથરી | ૨૪ |
| | ડોંબિવલી | ક્રિષા ધીરેન હીરજી લોડાયા | રંગપુર | ૨૨ |

## ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૭-૨૦૧૯ | હાલોલ | પ્રવીણ લાલચંદ્ર લોડાયા | સાંધવ | ૬૪ |
| ૩૧-૦૭-૨૦૧૯ | ઘાટકોપર (પૂ) | ધનલક્ષ્મી પ્રતાપ નાગડા (પટેલ) | સાંધાણ | ૭૧ |
| ૩૧-૦૭-૨૦૧૯ | ભાંડુપ | ધિરેન ચાંપશી નાગડા | નલીયા | ૬૧ |
| ૩૧-૦૭-૨૦૧૯ | ડોંબિવલી(પ.) | ચંદ્રવતી હિરાચંદ ધરમશી | ભરૂડીયા | ૭૫ |
| ૩૧-૦૭-૨૦૧૯ | હૈદ્રાબાદ | અનિલ નવીનચંદ્ર મોતા | વારાપધર | ૪૭ |
| ૩૧-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | ઈલા જીજ્ઞેશ શેઠીયા | ડોંબિવલી | ૪૦ |
| ૦૧-૦૮-૨૦૧૮ | ખંડવા | લહેરચંદ માણેકજી લોડાયા | રાપર | ૬૫ |
| ૦૧-૦૮-૨૦૧૮ | સાયન | ડૉ.ઈલા વેરશી મૈશરી | સીંધોડી નાની | ૭૩ |
| ૦૨-૦૮-૨૦૧૮ | જાલના | વીરચંદ ઝવેરચંદ લોડાયા | સીંધોડી મોટી | ૬૨ |


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિનો | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

તારીખ ફાળવો।

## શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન
## દિવ્યાંગ સમિતિ

સહુ કે.ડી.ઓ. દિવ્યાંગ તથા તેમના સાથી / સ્નેહીજનોને
અંતરપૂર્વક આમંત્રણ પાઠવે છે.
અવનવા કાર્યક્રમોથી સજાવેલા
સર્વપ્રથમ
કે.ડી.ઓ. દિવ્યાંગ આનંદ- મિલનનું।

તારીખ: ૨૮/૦૯/૨૦૧૯ દિવસ: શનિવાર
સમય: બપોરે ૪ વાગ્યાથી સ્થળ: માટુંગા, મુંબઈ

પ્રવેશ નિ:શુલ્ક - રજીસ્ટ્રેશન ફરજિયાત
રજીસ્ટ્રેશન માટે સંપર્ક :
કાશ્મીરા લુઠિયા: 9821675772
નીના સાયલા: 90228 76713
વધુ વિગત ટૂંક સમયમાં

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

**Gyatimaiya**
Weekly E-magazine

KDO